
## લક્ષ્મી

જયંતિ એમ. દલાલ, મુંબઈ



લક્ષ્મીનું જુસ્સાભેર ભાષણ પૂરું થતાં જ સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. શાળાનો હોલ કેટલીયે પળો સુધી તાળીઓના અવાજના પડઘાને દ્વિગુણીત કરી રહ્યો. લક્ષ્મીનું ભાષણ સાંભળીને ધૂંઆપૂંઆ થયેલ ટીચરો અને ફાધરને તેમના દિલ પર એક એક તાળીએ જાણે સોર ઊઠતા હતા. ડાયસ પર ગોઠવાયેલા મહાનુભાવો ધીરેથી પ્રથમ હરોળની ખુરશીમાં ગોઠવાતી લક્ષ્મીને નસકોરાં ને ભવાં ચઢાવીને જોઈ રહ્યા. લક્ષ્મીનું ભાષણ ચાલુ હતું ત્યારે બેથી ત્રણ વાર ફાધરે માઈક પર એનાઉન્સ કરવા વિચાર્યું. પણ લક્ષ્મીની ધર્મવાણી સાંભળવામાં મુગ્ધ એકાકી બનેલા શ્રોતાજનોને વિક્ષેપ કરવાનું ઠીક લાગ્યું નહી. આને લીધે લક્ષ્મીનો બોલવાનો જુસ્સો વધતો ગયો. આજે સેંટ ઝેવિયર્સ શાળાનો વાર્ષિક મેળાવડો હતો. વકૃત્વ સ્પર્ધામાં અનેકવાર ઈનામો જીતીને શાળાનું નામ રોશન કરનાર લક્ષ્મી પ્રત્યે ટીચરો, ફાધરો, સૌને આદરભાવ હતો. ભણવામાં પણ તેજસ્વી એવી લક્ષ્મી શાળામાં સૌ કોઈની લાડકવાયી હતી. સ્વભાવે નમ્ર અને મીલનસાર તો હતી જ પણ સાથોસાથ અન્ય વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને અભ્યાસમાં મદદરૂપ થવા હરહંમેશ પ્રયત્ન કરતી. એની ઘણી સહેલીઓ મજાકમાં ક્યારેક એને 'ઝાંસીની રાણી' કહીને બોલવાતી. કેમકે ભાષણ કરતી વખતે એના ચહેરા પરના ભાવો હરપળે વક્તવ્યની સાથે બદલાતા રહેતા. બોલવાનો રણકો અને જુસ્સો પણ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવો જ રહેતા. ડાયસ પર બેઠેલા સૌનો કોપ લક્ષ્મી પ્રત્યે બેકાબૂ હતો પણ શાંતિ રાખીને પ્રસંગ ઉજવાય એ મહત્ત્વનું હતું. ફાધર બે શબ્દો બોલવા ઊભા થયા પણ બોલવામાં આજે પહેલાંના જેવી ઉષ્મા નો'તી. પહેલાંની જેમ હોઠ પર શબ્દો ન્હોતા ગોઠવાતા. કદાચ લક્ષ્મીએ એના ભાષણમાં હિન્દુધર્મના તત્ત્વજ્ઞાન પર ઉચ્ચારેલાં અવતરણો એના જીગરની ચામડીને જાણે ઊતરડી રહ્યાં. ત્યાર બાદ ત્રણેક આઈટેમો રજૂ થઈ અને મેળાવડો પૂરો થયો. અનેક સહેલીઓ લક્ષ્મીને અભિનંદન આપવા ઘેરી વળી હતી.

'અભિનંદન, લક્ષ્મી, તું તો સાચે જ આજે ઝાંસીની રાણી જેવી લાગી. જે જૂસ્સાથી તું હિન્દુ ધર્મના તત્ત્વજ્ઞાન પર દશ મિનિટ અવિરતપણે બોલી એ બદલ અમે બધા ગૌરવ અનુભવીએ છીએ. બાકી આ કોનવેન્ટ શાળામાં ખ્રિસ્તી ધર્મ સિવાયની બીજી વાતો કદિયે કોઈ કરી શક્યું નથી.'

'સાચે જ કમાલ કરી લક્ષ્મી તેં તો !'

'શાળા દ્વારા ખ્રિસ્તી ધર્મને પ્રોત્સાહિત કરનાર ફાધર તેમજ અન્ય ટીચરોને સારી લપડાક મારી.'

શાલિની, મેઘા, તેમજ અન્ય સહેલીઓ સાથે લક્ષ્મી મુખ્ય દરવાજાની બહાર નીકળી રહી હતી ત્યારે તેની બાજુમાં થઈને એની ટીચર મીસ રોઝી પસાર થતી હતી. લક્ષ્મીએ જોયું તેની આંખોમાંથી અંગારા વરસતા હતા. લક્ષ્મીએ આંખો નીચી ઢાળી દીધી.

બીજે દિવસે ફાધરે લક્ષ્મીને ઓફિસમાં બોલાવી.

'લક્ષ્મી, શાળાના નિયમોનું ઉલ્લંઘન કરીને તેં જે ગુન્હો કર્યો છે એ અક્ષમ્ય છે. તને ગમે તેટલી સજા કરીએ એટલી ઓછી છે.'

'પણ સર. . . 'લક્ષ્મી મોં નીચે રાખીને બોલતી હતી. 'મેં એવું કંઈ જ ખોટું કામ કર્યું નથી. બાઈબલ, કુરાન કે ગીતા લો, તમે એક જ પ્રકારના ઉપદેશો વાંચશો. હું હિન્દુ છું એટલે મેં ગીતાનું અધ્યયન ખૂબ ઝીણવટપૂર્વક મનન કરી આત્મસાત કર્યું છે. ગીતા વાંચતા જે તત્ત્વજ્ઞાન દિલદિમાગમાં છવાઈ ગયું છે એનો ઉલ્લેખ સ્વાભાવિક રીતે મારા ભાષણમાં થઈ ગયો. આનો અર્થ એમ હરગીઝ નહિ સમજતા કે બાઈબલ કે કુરાનમાં લખેલા ઉપદેશો સાચા નથી.'

એકીશ્વાસે બોલી નાંખતી લક્ષ્મી ઘડીભર શ્વાસ લેવા થોભી. ફાધરે પૂછ્યું, 'લક્ષ્મી, આજ સુધી મેં તેમજ શાળાના અન્ય ટીચરોએ તને તારી કારકિર્દી ઘડવામાં પ્રોત્સાહિત કરી છે, એના બદલામાં તેં ખ્રિસ્તી ધર્મની વિરુદ્ધ . .'

'પ્લીઝ સર, મને સમજવા પ્રયત્ન કરો. હું ખ્રિસ્તી ધર્મની વિરુદ્ધ ક્યારેય ન્હોતી અને ક્યારેય નહી હોઉં. મારા જીવનમાં મેં મુખ્ય ધર્મ માન્યો હોય તો તે માનવધર્મ. જુદાજુદા ધર્મગ્રંથોનો ઊંડો અભ્યાસ કરવાથી જ માનવ મનને ઉર્ધ્વગતિએ લઈ જવાનો યોગ પ્રાપ્ત થાય છે.'

લક્ષ્મીની દલીલોથી કંટાળેલા ફાધરે રૂક્ષ સ્વરે કહી દીધું, 'મારે હવે કંઈ જ સાંભળવું નથી. તારા પપ્પાને કહેજે, મને અહીં આવતીકાલે દશ વાગ્યે મળી જાય.'

લક્ષ્મી ઓફિસમાંથી બહાર આવી તો ઘણાં છોકરાછોકરીઓ એની જ રાહ જોતાં ઊભાં હતાં. શાલિનીએ પૂછ્યું, 'શું કહ્યું ફાધરે ?'

લક્ષ્મી ચૂપ રહી. એક વેધક નજર આખા ટોળા પર નાખી ધીરે ધીરે બોલવા માંડ્યું. 'ફાધરનું કહેવું છે કે ભાષણ કરીને મેં મોટો ગુન્હો કર્યો છે ને એની સજા ભોગવવા તૈયાર રહેવું.'

'એય લક્ષ્મી, યાદ રાખજે, આપણો આખો વર્ગ તો ખરો જ પણ આખી શાળા તારી પડખે છે. તું કહેશે એ રીતે અમે તને સહકાર આપીશું.' ઘડીભર અટકીને ટોળાને ઉદ્દેશીને શાલિનીએ પૂછ્યું, 'લક્ષ્મીને બધાનો ટેકો મંજૂર છે ને ?'

'મંજૂર છે.' બધાએ જોરથી એકી સાથે બોલી નાંખ્યું. ટોળાનો અવાજ દૂર દૂર ફાધરની કેબિનના દરવાજાને વીંઝતો ફાધરના કાને જોરથી અથડાયો. પાછલી બારી ખોલી નાંખીને દૂર દેખાતા ટોળાને એ ક્યાંય લગી જોઈ રહ્યા.

બીજે દિવસે લક્ષ્મીના પપ્પા કિરીટકુમારે ફાધરની ઓફિસમાં પ્રવેશ કર્યો.

'તમે જ લક્ષ્મીના ડેડી છો ?'

'જી, હા.'

'ગયા રવિવારે લક્ષ્મીએ વાર્ષિક શાળોત્સવ નિમિત્તે અજુગતું ભાષણ કરીને શાળાના નિયમોનો ભંગ કર્યો છે. તે બદલ શાળાનાં ટ્રસ્ટીઓએ નક્કી કર્યું છે કે લક્ષ્મી જાહેરમાં માફી માંગે અથવા શાળા છોડી દે.'

કિરીટકુમાર ઘડીભર અવાક થઈ ગયા.

'ફાધર, તમે તો આજ સુધી આ છોકરીના સારામાં સારા સમાચાર પહોંચાડયા છે અને આજે. .?'

ક્ષણભર અટકીને ફાધરની સામે યાચનાભરી નજરે જોતાં બોલી ઊઠ્યા, 'લક્ષ્મી આપની પણ દીકરી છે. ક્યારેક નાની ભૂલ થઈ જાય, માફ કરી દો.'

'શાળા મારા એકલાની નથી. બધા ટ્રસ્ટીઓએ એક સાથે વિરોધ નોંધાવ્યો છે એટલે હું લાચાર છું.'

'કિરીટકુમારની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. આ જ શાળામાં એડમિશન લેવા કેટકેટલાં હવાતિયાં ખાધેલાં ! એની યાદ તાજી થતાં જ એ તરત બોલી ઊઠ્યા, 'ફાધર, તમે તો સમજુ છો. મારી દીકરીએ ભૂલ કરી છે એ બદલ હું માફી માંગું છું. મારી દીકરીને શાળામાંથી કાઢી મૂકશો તો એ ક્યાં જશે ?'

'જુઓ કિરીટકુમાર, આટલા આકળા થવાની જરૂર નથી. સમજણથી કામ લ્યો. તમારી લક્ષ્મી માફી માંગીને કહે કે ફરી ક્યારેય એનાથી આવી ભૂલ નહિ થાય તો આ શાળાના દરવાજા હંમેશ માટે ખુલ્લા છે.'

'મેં ઘણી સમજાવી. પણ એ હઠ લઈને બેઠી છે. તમે એની જે ભૂલ સમજો છો, એના માટે ગૌરવભેર ધર્મની ઉપાસના છે એવો એનો અર્થઘટન એ કરે છે.'

ઘણીવાર સુધી ચર્ચાઓ ચાલતી રહી. આખરે કિરીટકુમારે ફાધરની કેબિન છોડી ત્યારે જાણે મણમણની બેડીઓ એમના પગમાં પડી ન હોય, એવી વેદનામય રેખાઓ ચહેરા પર અંકિત થઈ ચૂકી હતી.

અસ્વસ્થ ચિત્તે ઘર તરફ પ્રયાણ કરતાં મન વિચારના ચકડોળ ફરવા લાગ્યું. આ જ લક્ષ્મી માટે કેટકેટલી શાળાઓમાં પ્રવેશ માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. પણ ક્યાંય પ્રવેશ નહોતો મળતો. છેવટે કોઈ મિનિસ્ટરની ભલામણથી લક્ષ્મીને આ શાળામાં પ્રવેશ મળ્યો હતો. પણ કેવી રીતે ?

કડવી યાદોના પિંડલા ઉકેલવા ગમતા ન્હોતા. કરજ કરીને ચૂકવાયેલું રૂપીઆ દશ હજારનું ડોનેશન આજ લગી એ ભૂલી શક્યા નો'તા. આ કરજ ફિટાવતાં બે વર્ષ નીકળી ગયાં હતાં. આ બધું યાદ આવતાં આખા શરીરે પસીનો વળી ગયો હતો. રસ્તો ક્રોસ કરવા જાય છે ત્યાં જ એક મોટરગાડી બ્રેક મારીને મોટી ચીસ પાડીને ઊભી રહી ગઈ. ડ્રાઈવર બરાડયો, 'એ ય ગધેડા, આંધળો છો ?'

કિરીટકુમાર સહજમાં બચી ગયા હતા. વ્યગ્ર ચિત્તે ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે તેમના ધર્મપત્ની જયાબહેન ચિંતાજનક ચહેરે, ઘઉં સાફ કરવાનું કામ પડતું મૂકી બહાર ધસી આવ્યા.

'બધું હેમખેમ તો છે ને ?'

'શું ધૂળ હેમખેમ છે ?' કિરીટકુમાર જોરથી બરાડયા. 'તારી લાડલી લક્ષ્મીને અહીં મોકલી આપ. .'

'પણ ફાધરે શું કહ્યું એને માટે ?'

ત્યાં જ, અંદરના રૂમમાંથી ધસી આવી, લક્ષ્મી પિતાજીની સામે આવી ઊભી.

'લક્ષ્મીને શાળામાંથી બહાર કાઢવાની વાત કરે છે.' ઘડીક અટકીને પાણીનો ગ્લાસ આખો ગટગટાવી જતાં બોલ્યા, 'જો લક્ષ્મી જાહેરમાં માફી ન માંગે તો શાળા છોડવાની વાત કરે છે.'

'પણ મેં એવો ક્યો ગુનો કર્યો છે ?'

'હિન્દુ ધર્મના તત્ત્વજ્ઞાન પર ચર્ચા કરી તે ગુનો.'

'પિતાજી, હું આર્યકુળની કન્યા છું. હિંદુધર્મના ઉપદેશો મારી રગેરગમાં વહે છે. કોન્વેન્ટ શાળામાં ભણતર મળતાં મેં બાઈબલનો અભ્યાસ પણ કર્યો. આ બંનેથી મને સંતોષ ન થયો એટલે ગયા વર્ષે મેં કુરાનને પણ ઝીણવટથી વાંચ્યું. આમ કરવાથી મારી ધર્મ પ્રત્યેની વિભાવના બદલાઈ ગઈ. ધર્મ પ્રત્યેના જે કાંઈ સારા મુદ્દા મને સૂઝ્યા એ ભાષણનું અંગ બની ગયા. આમ ન કરું તો મારું ભણતર લાજે એમ હું માનું છું.'

સહજ રીતે લક્ષ્મીનો અવાજ બોલતાં બોલતાં મોટો થઈ ગયો.

'પણ તું માફી માંગી લે ને ?'

'શા માટે ?' લક્ષ્મી જોરથી બરાડી ઊઠી. 'મારી ભૂલ ન હોય તો શા માટે માફી માંગવાની ?'

'પણ તો પછી ફાધર તને શાળા છોડવાનું કહે છે તેનું શું ?' કિરીટકુમારનો અવાજ ગળગળો થઈને તરડાઈ ગયો. 'લક્ષ્મી, તું તો ઘરની પરિસ્થિતિથી વાકેફ છે. હવે બીજી શાળામાં પ્રવેશ મેળવવા નથી મારી પાસે પૈસાની સગવડ કે નથી મારા શરીરમાં દોડધામ કરવાની તાકાત.'

'પણ પપ્પા, તમે આવા ખોટા વિચારો શા માટે કરો છો ?'

'દશ વર્ષ પહેલાં શાળામાં પ્રવેશ કર્યો ત્યારે હું ખૂબ નાની હતી. આજે હું પૂરેપૂરી સમજણી થઈ ગઈ છું. જુઓ પપ્પા, હું તમેન કહી દઉં છું, હું હરગીઝ તેમની માફી નહિ માંગું. ન તો મને એ શાળામાંથી કાઢી શકશે.' મમ્મીની તરફ જરાતરા આંખો માંડીને પિતાજીને ઉદ્દેશીને લક્ષ્મી આગળ બોલી, 'આજે શાળાનો એકેએક વિદ્યાર્થી મારી પડખે છે. માહાત્મા ગાંધીજીએ શીખવ્યું છે, અહિંસા અને સત્યથી જ જગત જિતાય છે. મારી ચિંતા કરશો નહીં. હું આવતી કાલે જ ફાધરને મળીને ખુલાસો કરી દઈશ.'

'જેવી તારી મરજી.' કહેતાં કિરીટકુમાર રૂમ છોડીને ચાલ્યા ગયા.

બીજે દિવસે લક્ષ્મી ફાધરની કેબિનમાં પ્રવેશી ત્યારે ફાધર એકલા જ હતા. રોષભરી નજરે એ ઘડીભર લક્ષ્મીને તાકી રહ્યા.

'ગુડ મોર્નિંગ, સર,' કહેતાં લક્ષ્મી હસીને ફાધર સામે ઊભી રહી ગઈ.

ફાધર ડોક ઊંચી કરીને લક્ષ્મીની આંખોમાં જોઈ રહ્યા અને પછી આસ્તેથી સામેની ખુરશીમાં બેસવા કહ્યું. લક્ષ્મી આભાર માની ખુરશીમાં ગોઠવાઈ ગઈ.

'જો લક્ષ્મી, શાળાના નિયમો અનુસાર જો તું માફી નહિ માંગે તો આ શાળા છોડવી પડશે.'

'સર, તમને યોગ્ય લાગે તેમ કરી શકો છો, ' જીભ ફરતું જામેલું થૂંક ગળામાં ઊતારતાં લક્ષ્મી બોલી. 'તમારી શાળાએ શીખવેલા પાઠોના આધારે જ હું મક્કમ છું. તમે એટલો ખ્યાલ રાખજો કે મને શાળામાંથી કાઢી મૂકશો તેની સાથે જ કેળવણીની દુનિયામાં તમારી આ શાળાનું નામ બદનામ થશે. એટલું જ નહિ, શાળાના એકેએક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મારી સાથે જ છે એ ન ભૂલશો. હું આમ કહીને ધમકી નથી આપતી, માત્ર સમજદારીથી પગલું ભરવાનું કહું છું. તમે જ તો શીખવ્યું છે, ધર્મ ને સત્ય એકબીજાના પૂરક છે અને એને આચરણમાં મૂકતાં કદી ગભરાવું નહિ. મને ડર છે, તમારું ઉતાવળિયું પગલું આ શાળાને દેશભરમાં નીચું ન જોવડાવે અને તે પણ મારે કારણે !' લક્ષ્મી જુસ્સાથી બોલી તો ગઈ પણ સાથોસાથ તેની આંખોમાં આંસુ તગતગી રહ્યાં. ફાધર શૂન્યમનસ્કપણે ક્યાંય સુધી લક્ષ્મીના ચહેરાને જોઈ રહ્યા. આખરે રૂમાલથી લક્ષ્મીના આંસુ લૂછતાં ફાધર બોલી ઊઠ્યા, 'લક્ષ્મી, તું તો આ શાળાનું નાક છે. બેટા, રડ નહિ. આજે સાંજે ટ્રસ્ટીની મિટિંગ છે. એમાં મારાથી બનતું બધું કરીશ.'

લક્ષ્મીનો ચહેરો હસી ઊઠ્યો.

'સર, આખરે તો હું તમારી આગળ હારી જ છું. માત્ર તમે શીખવેલા સિદ્ધાંતને અનુસરતાં આવું આચરણ થઈ ગયું. અવિવેક લાગે તો ક્ષમા કરજો.' કહેતાં હાથ જોડીને ઝડપથી એ ફાધરની કેબિનમાંથી બહાર નીકળી ગઈ.

એ રાતે કિરીટકુમાર જમતાં જમતાં બોલતા હતા, 'જયા, જોયું, તારી લાડકી દીકરી ફાધરને મ્હાત કરીને મારી આબરૂને આજે એક વેંત ઊંચી ચઢાવી આવી.'

જયાએ હસીને કંસારનો એક એક ચમચો બાપ-દીકરીની થાળીમાં પીરસી દીધો. સૌના હૈયે આનંદ માતો નો'તો.

## રે, પસ્તાવો વિપુલ ઝરણું સરલાબેન વ્યાસ, અમેરિકા

આજે 'મધર્સ ડે' નિમિત્તે સુમિત્રાબેન સિનિયર સિટીઝન્સ હોમના તેમના રૂમમાં તૈયાર થઈને, પોતાના પુત્ર કૃષ્ણકાન્ત, જે અહીં ક્રીસના નામથી ઓળખાતો હતો, તેની પત્ની લીના તથા પૌત્ર રોશનની રાહ જોતાં બેઠાં હતાં. મધર્સ ડે નિમિત્તે સૌ તેમને આજે મળવા આવવાનાં હતાં. અગિયાર વાગ્યા અને સૌ આવી પહોંચ્યાં. આવીને વારાફરતી સૌ સુમિત્રાબેનને પગે લાગ્યાં. પુત્ર અને પુત્રવધુએ તેમના હાથમાં એક સુંદર ફૂલોનો ગુચ્છો આપ્યો. સુંદર કાર્ડમાં મરોડદાર અક્ષરો ઉકેલવાની તો સુમિત્રાબેનની ક્ષમતા ન હતી અને સુંદર મજાના રંગબેરંગી ફૂલોમાં સુગંધ ન હતી. ઔપચારિકતા અને કૃત્રિમ હાસ્યમાં ક્યાંય હૃદયની મીઠી લાગણીની સુગંધ ન હતી. છતાં માતૃહૃદયે પ્રેમભરી ગંગા વહેવડાવી સૌને હૃદયપૂર્વકના આશીષથી તરબોળ કરી દીધાં. 'ઈશ્વર તમારા સૌનું કલ્યાણ કરે,' એમ બોલતાં સુમિત્રાબેનની ડાબી અને જમણી આંખ હર્ષ અને શોકમિશ્રિત લાગણીથી વરસી રહી. પોતાની માની આંખના આંસુ કૃષ્ણકાંત પિછાણી તો ગયો પણ અણજાણ બની પૂછવા લાગ્યો, 'બા, તને અહીં કોઈ તકલીફ તો નથી ને ?'

'ના બેટા, હું અહીં પરમ સુખી છું. મને કંઈ તકલીફ નથી.' સુમિત્રાબેનના જવાબથી દીકરાને સંતોષ ન થયો. સુમિત્રાબેન મનોમન વિચારી રહ્યાં કે 'દીકરા, જિંદગીમાં તકલીફોના ડુંગરો પાર કરીને આજે તને શિખર પર પહોંચાડયો ત્યારે હું જ તને તકલીફરૂપ લાગી કે તું મને અહીં વૃદ્ધાશ્રમમાં મૂકી ગયો !' પણ મનની વાત મનમાં જ દાબી વાતનો દોર બદલ્યો. સૌના ખબરઅંતર પૂછ્યા. બંનેની નોકરી કેમ ચાલે છે ? રોશનનો અભ્યાસ કેમ ચાલે છે ? વગેરે ઔપચારિક વાતોમાં એક કલાક પસાર કર્યો. પછી સૌ વિદાય થયાં. સૌને વળાવી આવ્યાં પછી પોતાના રૂમમાં આવીને બેઠાં ને મન ફરી ભૂતકાળમાં સરી પડયું.

સુરત પાસેના એક નાના ગામમાં ખેતીના વ્યવસાયમાં ખૂબ સુખી અને શાંતિપૂર્વક જીવતાં જીવતાં સુમિત્રાબેનના પતિ અવસાન પામ્યા. પાછળ એક પુત્ર, જે પાંચ વર્ષનો હતો, અને સુમિત્રાબેનને એકલવાયાં, લાચાર પરિસ્થિતિમાં મૂકતાં ગયાં. એકલે હાથે ખેતી ને દીકરો બંને સંભાળવાનાં. બેવડી જવાબદારી ઉઠાવી હિંમતથી દિવસો પસાર કરતાં પુત્ર કૃષ્ણકાંત દશેક વર્ષનો થયો. સુમિત્રાબેનના ભાઈ અમેરિકા રહે. ભાઈને થયું બહેનને અમેરિકા બોલવી લઉં. બહેન અને ભાણિયાને બોલાવવાની કાર્યવાહી કરી. બંને આવી ગયાં. સુમિત્રાબેને ભાઈના ઘરની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી લીધી. એમનાં બાળકોની સંભાળ રાખવી, રસોઈ બનાવવી, જાણે ભાઈના ઉપકારનો બદલો વાળી રહ્યાં હતાં. સુમિત્રાબેનના આવ્યા પછી ભાઈભાભીને પણ જાણે નિરાંત થઈ ગઈ હતી. બંને નોકરીએ જતાં પણ બાળકોની બિલકુલ ચિંતા રહેતી નહિ. ભાઈના છોકરાં સાથે કૃષ્ણકાંત પણ મોટો થવા લાગ્યો. ગ્રેજ્યુએટ થઈ ગયો. એક સારી કંપનીમાં સારા પગારની નોકરી પણ મળી ગઈ.

હવે ભાઈને ત્યાં બોજારૂપ ન થઈ સ્વતંત્ર રહેવાનો વિચાર તેમણે કૃષ્ણકાંત આગળ મૂક્યો. મામાની સંમતિથી એક નાનું એપાર્ટમેન્ટ પણ ભાડે રાખી લીધું અને માદીકરો હવે સ્વતંત્ર રહેવા લાગ્યાં. વર્ષોની મહેનતનાં મીઠાં ફળ ચાખવાની હવે તક હાથમાં આવી. કૃષ્ણકાંતે અભ્યાસ ચાલુ જ રાખ્યો ને ઉત્તરોત્તર નોકરીમાં પણ પ્રગતિ થતી ગઈ.

જિંદગીમાં હવે નિરાંત થઈ છે તથા સુખના દહાડા આવ્યા છે એમ જાણી માને દીકરાને પરણાવવાના અભરખા જાગ્યા અને તેમનું મન વિચારે ચડયું. વર્ષોથી મારો કૃષ્ણકાંત અહીં રહે છે. એને દેશની છોકરી કેવી રીતે પસંદ પડશે ? અને વર્ષોથી અહીં હતાં તેથી દેશમાં પણ હવે કોઈ ખાસ ઓળખીતું ન હતું કે કોઈ સારી છોકરી પોતાના દીકરાને માટે બતાવે. તેથી વિચાર્યું કે અહીં ઉછરેલી ને ભણેલી છોકરી મળી જાય તો બધા પ્રશ્નો હલ થઈ જાય. આમ વિચારી એમણે દીકરાને પરણાવવાના પ્રયત્નો આરંભી દીધા. લગ્નના મેળાવડા, મેરેજ બ્યુરો, છાપાઓની જાહેરાતો, વગેરેનો આશરો લેવા માંડયાં. એકાદ વર્ષના પ્રયત્નને અંતે કૃષ્ણકાંતને મનપસંદ છોકરી એમણે શોધી કાઢીને દીકરાને પરણાવવાની હોંશ પૂરી કરી.

અમેરિકામાં વર્ષોથી રહેતાં શોભનાબેન અને રમેશભાઈને બે દીકરીઓ હતી. મોટી રીના જે અમદાવાદમાં હતી, તેનો પતિ થોડા સમય પહેલાં મૃત્યુ પામ્યો હતો અને આમ નાની વયમાં એમની દીકરીને વૈધવ્ય આવ્યું હતું. જ્યારે નાની દીકરી લીના એમની સાથે અમેરિકામાં જ હતી. લીના સાથે કૃષ્ણકાંતના લગ્ન થયાં. અમેરિકામાં ઉછરેલી ને ભણેલી લીનામાં 'અમેરિકન કલ્ચર' નસેનસમાં પ્રસરેલું હતું. એક સારી કંપનીમાં એડમિનિસ્ટ્રેટીવ આસિસ્ટન્ટની નોકરી કરતી હતી. લીનાના આગમન પછી તો સુમિત્રાબેનને હૈયે હરખ માતો નહતો. દીકરાવહુને સાથે જોઈને માના હૈયે ટાઢક વળતી હતી, એમની આંખો ઠરતી. ઘરનો બધો બોજો સુમિત્રાબેન હોંશે હોંશે ઉઠાવતાં હતાં. લીના તો સવારે ઊઠી તૈયાર થઈ નોકરી પર ચાલી જતી. સાંજે આવે ત્યારે જમવાનું તૈયાર હોય. લીનાની બધી સગવડો સુમિત્રાબેન સાંચવતાં, તેની સાથે ખૂબ પ્રેમપૂર્વક વર્તતા. પોતાની પુત્રીની જેમ તેનું જતન કરતાં. પણ લીનાને આની કોઈ ગણના નહતી. એને તો સુમિત્રાબેન એક અણઘડ ને ગામડિયણ સ્ત્રી લાગતી હતી. તેને કૃષ્ણકાંતમાં રસ હતો પણ તેની માતામાં નહીં. માદીકરો લીનાના આ વર્તનથી અજાણ ન હતાં. બધું સમજતાં હતાં પણ કાંઈ બોલતા નહિ. એમ સમજતાં કે નવું વાતાવરણ છે, નવા માણસો છે તેથી એને ગમતું નહિ હોય. સમય જતાં બધું ઠેકાણે પડી જશે, એમ માની મન મોટું રાખતાં. આમ કરતાં ત્રણેક વર્ષનાં વહાણાં વાઈ ગયાં. તે દરમિયાન લીના એક પુત્રની માતા પણ બની ગઈ. સુમિત્રાબેને આ જવાબદારી પણ ઉપાડી લીધી. એ તો પોતાના પૌત્રને જોઈ ખુશ ખુશ થઈ જતાં. મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું લાગતું હતું. ઉમળકાભેર એને ઉછેરતાં. ઘરની, કુટુંબની, બાળકની, સૌની જવાબદારી આનંદથી ઉઠાવી દિવસો પસાર કરતાં હતાં.

અચાનક લીનાના પિતાને હાર્ટએટેક આવ્યો અને તે જીવલેણ નીવડયો. પિતાના અવસાનથી ઘરમાં શોકનું વાતાવરણ ફેલાઈ ગયું. લીનાની મમ્મી શોભનાબેન પણ અચાનક આવી પડેલા વૈધવ્યથી શૂન્યમનસ્ક બની ગયાં હતાં. એકલાં પડી ગયાં હતાં. ઉત્તરક્રિયા પછી શોભનાબેન સમક્ષ તેમનો બિઝનેસ, સંપત્તિ સંભાળવાનો પ્રશ્ન ઊભો થયો. પુત્ર નહોતો તેથી એમણે પોતે જ આવી પડેલી વિટંબણામાંથી માર્ગ શોધવાનો હતો. એમનો બિઝનેસ સંભાળે તેવું પણ કોઈ નહોતું. આવી પરિસ્થિતિમાં સુમિત્રાબેન એમની પડખે રહી હિંમત આપતાં રહ્યાં. લીના તથા કૃષ્ણકાંતે પણ પોતાનાથી બનતી મદદ કરી. જીવન તો એકલવાયું બની ગયું હતું. તેમણે વિચાર્યું કે જો કૃષ્ણકાંત એમનો બિઝનેસ સંભાળી લે તો વધુ સારું. એમ વિચારી તેમણે લીના તથા કૃષ્ણકાંત સમક્ષ પ્રસ્તાવ મૂક્યો, 'હવે હું એકલી જ છું. આવડું મોટું ઘર, આ રાચરચીલું, હવે તમારું જ છે. તમે ત્રણેય તમારું એપાર્ટમેન્ટ કાઢી નાંખો અને મારી સાથે રહેવા આવી જાઓ. તમે કૃષ્ણકાંત મારો બિઝનેસ સંભાળી લો અને મને ચિંતામુક્ત કરી દો. તમારે હવે નોકરી કરવાની જરૂર નથી.' કૃષ્ણકાંતે જવાબ આપ્યો કે હું આ બાબતમાં વિચાર કરીને તમને જવાબ આપીશ.

કૃષ્ણકાંત શોભનાબેનનો બિઝનેસ સંભાળી તેમને મદદરૂપ થવા તૈયાર હતો પણ તેમને ઘેર સહકુટુંબ રહેવા જવા તૈયાર નહોતો. એમાં તેનું સ્વમાન ઘવાતું હતું. તેણે પોતાનો વિચાર લીનાને જણાવ્યો. લીનાની મુંઝવણ વધી. એક તરફ પતિનું સ્વમાન અને બીજી તરફ માતાની ચિંતા ! આવી પરિસ્થિતિમાં થોડા દિવસો પસાર થઈ ગયા. પણ પછી ધીરે ધીરે એણે પતિ આગળ તેની નોકરી છોડવાની, બિઝનેસ સંભાળવાની અને પોતાની માને ત્યાં રહેવા જવાની જીદ શરૂ કરી. અને એમાંથી એમનાં જીવનમાં કડવાશના બીજ રોપાયાં.

અને એક દિવસ લીનાએ કૃષ્ણકાંતને કહી દીધું કે, 'જો તારે મારી સાથે મારી માતાને ઘેર રહેવા ન આવવું હોય તો હું રોશનને લઈને મારી મા પાસે જતી રહીશ. તું અહીં તારી મા સાથે રહેજે. આપણે છૂટાછેડા લઈ લઈશું.' અને એ જ વાત એણે સુમિત્રાબેનને પણ જણાવી દીધી. પોતાના દીકરાના જીવનમાં આવી પડેલી આ આફતથી તેઓ ચિંતામાં મુકાઈ ગયાં. એમણે એકાંતમાં બોલાવીને દીકરાને સમજાવ્યો તથા આ પરિસ્થિતિમાંથી કોઈ વચલો માર્ગ શોધવા સૂચવ્યું. કૃષ્ણકાંતે કહ્યું, 'મા, હું તો મારે સાસરે રહું કારણકે હું તેમનો જમાઈ છું. તેમાં મને વાંધો નથી. પણ તું ત્યાં કાયમ માટે સ્વમાનથી રહી શકીશ નહિ એટલે મારી ત્યાં જવાની ઈચ્છા નથી.'

સુમિત્રાબેને લીનાને સમજાવવાની કોશિશ કરી જોઈ પણ તે તેની વાત પર મક્કમ રહી. તેણે તો કહ્યું, 'મમ્મી, તમારે લીધે જ કૃષ્ણકાંત મારી માને ત્યાં આવવાની ના પાડે છે. તમને એકલાં પણ એપાર્ટમેન્ટમાં રાખવાની ના પાડે છે, કારણ તમારી સંભાળ લેનાર કોઈ હોય નહીં, તમારે જાતે રસોઈ બનાવવી પડે, આ બધા વિચારથી કૃષ્ણકાંત તમને છોડવા તૈયાર નથી.'

સુમિત્રાબેન બોલ્યા, 'લીના, તું જ આમાંથી કોઈ રસ્તો બતાવ. હું તમારા જીવનમાં સંઘર્ષ ઊભો કરવા માંગતી નથી.'

લીના બોલી, 'મમ્મી, અહીં સિનિયર સિટીઝન્સ હોમમાં તમારી જેવી ઉંમરવાળાં એકલાં હોય તેવાં લોકો રહે છે. ત્યાં તમારી સંભાળ પણ રાખવામાં આવે તથા જમવાની પણ કોઈ તકલીફ ન પડે. તમે એમાં રહેવા જાઓ તો બધી સમસ્યા હલ થઈ જાય. તમારું સ્વમાન પણ સચવાય અને અમને ચિંતા પણ ન રહે. તમારા દીકરાના જીવનનો વિચાર આવતો હોય તો આ બાબત વિચારજો, નહિ તો હું છૂટાછેડા લઈ લઈશ.'

સુમિત્રાબેનને કહેવાનું મન તો થયું કે 'તો પછી તારી માને એ હોમમાં મૂકી આવ તો પણ પ્રશ્ન હલ થઈ જશે !' પણ એમને બળતામાં ઘી હોમવું ઠીક ન લાગ્યું. દીકરાના જીવનનો પ્રશ્ન એટલે સુમિત્રાબેન માટે હવે કંઈ બોલવાનું કે વિચારવાનું રહ્યું નહિ. પતિ વગર આટલાં વર્ષો કાઢયાં તો હવે પુત્ર વિના પણ જીવી શકાશે ! એ પણ અઘરું નહિ લાગે. અત્યાર સુધી વાગેલી ઠોકરોને લીધે તેમનાં તન અને મન બહુ મજબૂત બની ગયાં હતાં. પોતાથી જો પુત્રનું ભલું થતું હોય અને એનું જીવન સુધરતું હોય તો ગમે તેવી મુશકેલી પણ સહન કરવા એ તૈયાર હતાં.

લીનાને એમણે હસતે મુખે કહી દીધું, 'લીના, તેં મને સરસ રસ્તો બતાવ્યો. તમે ત્રણે જણ તારી મમ્મીને ત્યાં રહેવા જાઓ ને મને સિનિયર સિટીઝન્સ હોમમાં મૂકવાની વ્યવસ્થા કરી દો. હું ત્યાં નિરાંતે પ્રભુભજન કરીશ. અત્યાર સુધી કૌટુંબિક માયાજાળમાં ફસાયેલી મેં મારા જીવનનો વિચાર સુદ્ધાં કર્યો નથી. હવે મારી જાતના ઉદ્ધાર માટે સમય ગાળીશ. તમે સમય મેળવી મને મળવા આવશો એટલે મને શાંતિ થશે. બસ, હવે નિશ્ચિંત થઈ તારી મમ્મીને ત્યાં તમે જાઓ અને આ એપાર્ટમેન્ટ કાઢી નાંખો.'

કૃષ્ણકાંત બહારથી આવ્યો ત્યારે પોતે જ પોતાની ઈચ્છાથી જવા તૈયાર થયાં છે એમ એને જણાવી દીધું. 'બેટા, મારે લીધે તારે તારું જીવન બગાડવાની જરૂર નથી. હું તારે સાસરે આવવા તૈયાર નથી, મારે લીધે તું જવા તૈયાર નથી. એના કરતાં વચલો રસ્તો લઉં છું. હું જ બીજે રહેવા જાઉં છું. તારા કુટુંબ સાથે રહી તું સુખી થા. તને ઘર મળશે, તારો પોતાનો બિઝનેસ મળશે, લીના અને રોશન તારી સાથે રહેશે. તું સુખી રહીશ એમાં જ મારું સુખ છે.' છેવટે કૃષ્ણકાંત માની મોટાઈ આગળ ઝૂકી ગયો. મને કમને તૈયાર થયો. માને વૃદ્ધાશ્રમમાં મૂકી પત્ની પુત્ર સહિત તે પોતાને સાસરે રહેવા ગયો અને સસરાનો બિઝનેસ સંભાળી લીધો.

કોઈ કોઈવાર રજાના દિવસે કુટુંબ સહિત માની મુલાકાત લઈ આવતો. સુમિત્રાબેનને પણ હવે આવું જીવન ફાવી ગયું હતું. કૃષ્ણકાંતને મનમાં હંમેશાં કાંટો ખૂંચ્યા કરતો કે પોતે પોતાની માતાથી જુદો રહે છે તે યોગ્ય નથી. પણ સંજોગો આગળ એ લાચાર હતો. અમેરિકાના જીવનમાં એ વ્યસ્ત બની ગયો. સમય વહી રહ્યો હતો. આમ ને આમ બે વર્ષનાં વહાણાં વાઈ ગયાં.

કૃષ્ણકાંતે શોભનાબેનનો બિઝનેસ સંભાળી લીધો હતો તેથી એમને હવે રાહત થઈ ગઈ હતી. તેમને થયું હવે સમય કાઢીને થોડા દિવસ માટે ભારત જઈ આવે અને રીનાના ખબરઅંતર કાઢી આવે. લીનાને પણ સાથે લઈ જવી હતી. ત્રણેક અઠવાડિયાનું વેકેશન લઈ લીના અને શોભનાબેન રોશનને લઈને ભારત જવા ઉપડી ગયાં. રીનાને તો સરપ્રાઈઝ આપવું હતું એટલે તેને એમણે કાંઈ સમાચાર આપ્યા નહિ. શોભનાબેન અમદાવાદ ઉતરી પહેલાં એમના ભાઈને ત્યાં ગયા. પછી રીનાને ઘેર ફોન કર્યો. ફોન રીનાના સસરાએ ઉપાડયો. શોભનાબેને સૌના ખબરઅંતર પૂછયા તથા ફોન રીનાને આપવા કહ્યું. સસરાએ જવાબ આપ્યો, 'રીના હવે અમારી સાથે નથી રહેતી. તે અહીંના મહિલા વિકાસગૃહમાં રહે છે. અમે જ એને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી છે. અહીં અમારા ઘરમાં બે દીકરાઓ, તેમની વહુઓ, તેમનાં બાળકો, બધાને લીધે ઘર સાંકડું પડતું હતું. રીના તો એકલીજ હતી તેથી અમે તેને ત્યાં રહેવાની વ્યવસ્થા કરી આપી છે. અમે તેના રહેવાનો, જમવાનો, બધો જ ખર્ચ વિકાસગૃહને આપીએ છીએ. ધીમે ધીમે નોકરી શોધી રીના પગભર બની જશે. પછી એને ભાડે ઘર લેવું હશે તો લેશે' આ સાંભળીને તો શોભનાબેનના પગ નીચેથી જાણે ધરતી ખસી ગઈ હોય એવો અનુભવ થયો. લીનાને પણ ધ્રાસ્કો પડયો. એને થયું, 'મારી વિધવા બહેનને વિકાસગૃહમાં મોકલી આપી ? પતિ વગરની નિરાધાર સ્ત્રીની આ દશા કરી?

એ જ સાંજે શોભનાબેન અને લીના વિકાસગૃહમાં ગયાં. વિઝિટર્સ રૂમમાં બેઠાં. રીનાને બોલાવવામાં આવી. થોડીવાર પછી સફેદ સાડીમાં સજ્જ, કૃશ થયેલી, નિરાશ વદને, કોણ આવ્યું હશે એવા વિચાર સાથે એ ત્યાં આવી પહોંચી. દૂરથી શોભનાબેન પોતાની દીકરીને આવતી જોઇ રહ્યાં. જાણે પોતાની ઉપર મોટો પહાડ તૂટી પડયો હોય એવો આઘાત એમણે અનુભવ્યો. પોતાની મા અને બેનને જોઇને રીના તો અવાક્ બની ગઇ. એને થયું, 'હું આ શું જોઇ રહી છું ?' દોડતી જઇ એ મા અને બેનને ભેટી પડી. બાઝીને ખૂબ રડી. હૈયાનો ભાર હળવો થતાં માએ દીકરીના માથે હાથ ફેરવી આશ્વાસન આપ્યું. લીનાએ પણ સાંત્વન આપ્યું. થોડીવારે કળ વળીને ત્રણેય જણા આઘાતમાંથી બહાર આવ્યાં. ઘણીબધી વાતો કરી. પછી શોભનાબેને રીનાને મામાને ત્યાં આવવા જણાવ્યું. બે અઠવાડિયાં પોતાની સાથે રાખી પછી અમદાવાદમાં જ એક નાનું સરખું ઘર ભાડે રાખી, જરૂરિયાત પૂરતી ચીજવસ્તુઓ, ઘરવખરી, વગેરે વસાવી આપી, વિધવા દીકરીને રહેવાની વ્યવસ્થા કરી આપી. અને ધરપત આપી કે વહેલામાં વહેલી તકે તને અમેરિકા બોલાવી લઇશ, અને ત્યાં સુધી તારો જરૂરી ખર્ચ હું મોકલતી રહીશ. તું અહીં શાંતિ અને આરામથી રહેજે અને નોકરી મળે તો તારો સમય પસાર કરવા કરજે. બાકી પૈસાની ચિંતા કરીશ નહિ.

ત્રણ અઠવાડિયાનો સમય વીતતાં વાર ન લાગી. રીનાની વિદાય લઇ શોભનાબેન અને લીના પાછા અમેરિકા જવા રવાના થયાં. પ્લેનમાં વીસ કલાકના સમયમાં તો લીના જાણે વિચારોની ઊંડી ખીણમાં ધકેલાઇ ગઇ. રીનાની ઘટના પછી લીનાને પોતાના સાસુ સુમિત્રાબેનની પરિસ્થિતિનો વિચાર આવવા લાગ્યો. રીનાના મુખે વિકાસગૃહના અનુભવો સાંભળ્યા પછી સુમિત્રાબેનને સિનિયર સિટીઝન હોમમાં આટલી મોટી ઉંમરે શું વીતતી હશે તે વિચારે લીનાનું હૃદય પીગળી ગયું. એને મનમાં પોતાની જાત માટે તિરસ્કાર ઉત્પન્ન થયો. તેનું હૃદય બંડ પોકારી ઊઠયું. 'મેં મા અને દીકરાને વિખુટાં પાડયાં. મારાથી આવું પાપ થઇ ગયું ! ભગવાને મારી બુદ્ધિ ફેરવી કાઢી ! ભવિષ્યમાં મારો રોશન મને આવું કરશે તો ?' ચિત્રપટની જેમ તેનું ભવિષ્ય તેની નજર સમક્ષ આવવા લાગ્યું.

એણે પ્લેનમાં જ મનોમન નક્કી કરી લીધું કે અમેરિકા પહોંચી પહેલું જ કામ સુમિત્રાબેનને આગ્રહ કરી પોતે પોતાને ઘેર લઇ આવશે અને પછી તરત જ એક ઘર ભાડે રાખીને અમે સૌ અમારા ઘરમાં સાથે રહીશું, પણ હવે કૃષ્ણકાંતને તેની માથી અળગો નહિ રાખું.'

અમેરિકા પહોંચી તરત જ ગાડી લઇને તે સુમિત્રાબેન પાસે પહોંચી ગઇ. તેમને બાઝીને ખૂબ રડી. 'મારાથી બહુ મોટી ભૂલ થઇ ગઇ છે, હું તમારી ગુનેગાર છું, મને ક્ષમા કરો.' એમ કહી તેમની માફી માગી. તેમનો બધો સામાન ભેગો કરી તેમને પોતાની સાથે જ ઘેર લઇ આવી. રોશન અને શોભનાબેન પણ ખુશ ખુશ થઇ ગયાં.

સાંજે કૃષ્ણકાન્ત ઘેર આવ્યો. પોતાની માને જોઇને આશ્ચર્ય થયું. લીના તેની આગળ ખૂબ રડી ને તેની માફી માગી કહ્યું, 'મેં તમને તમારી માથી વિખૂટા પાડયાં તેની સજા મને ભગવાને કરી. મારી બેન રીના સાથે તેના સાસરિયાંએ એવું જ કર્યું છે. મારા કર્મનાં ફળ મને અહીં જ મળી ગયાં છે. રીનાને જોઇને મને સુમિત્રાબેનનો વિચાર આવ્યો ને મને ખૂબ પશ્ચાતાપ થયો. મારા અંતરમાંથી સાદ ઊઠયો કે 'લીના, ઇશ્વર કરેલા કર્મનું ફળ જરૂર આપે છે.' હવે આપણે નવું એપાર્ટમેન્ટ લઇ આપણે બધા સાથે રહીશું અને નવેસરથી જિંદગી શરૂ કરીશું.'

## સાભાર સ્વીકાર

| | | |
|---|---|---|
| ગીતોન્મેષ | ચંદ્રકાન્ત દેસાઇ, અમેરિકા | કાવ્યસંગ્રહ |
| હંસગાન | હંસા ત્રિવેદી, અમેરિકા | કાવ્યસંગ્રહ |
| નિહારિકા | સરલાબેન વ્યાસ, અમેરિકા | વાર્તાસંગ્રહ |
| અંતરના અજવાળે | ભાનુભાઇ લ. ત્રિવેદી, અમેરિકા | લેખસંગ્રહ |
| એક મોતી એક જ્યોતિ | જીવણલાલ બ્રહ્મભટ્ટ (વિનય કવિના પિતાશ્રી), યુકે | બે નાટકો |
| સંસ્કાર | તંત્રીઃજશભાઇ મો. પટેલ, અમેરિકા. ન્યૂ યોર્કમાં પ્રગટ કરવામાં આવતું હસ્તલિખિત, અનિયમિતકાલીન, સામયિક. | |
| માનવ | તંત્રીઃકૌશિક અમીન, અમેરિકા જર્સિ સિટીમાં પ્રગટ થતું ગુજરાતી સામયિક.(જાહેરાત વગરનું) | |
| ગુજરાત દર્પણ | તંત્રીઃ સુભાષ એમ. શાહ, અમેરિકા, ન્યૂ જર્સિમાં પ્રગટ થતુ ગુજરાતી માસિક. (નિઃશુલ્ક) | |
| વતન | તંત્રીઃ રમેશ ગાનાકર ન્યૂ જર્સિમાં પ્રગટ થતું ગુજરાતી માસિક(નિઃશુલ્ક) | |
| સુલેખન | તંત્રી સુશીલ સરૈયા, કોલકત્તામાં પ્રગટ થતું સંપૂર્ણ પારિવારીક ગુજરાતી સાપ્તાહિક. | |
| જલારામ દીપ | તંત્રીઃ સતીશ ડણાક વડોદરાથી પ્રગટ થતું જીવનલક્ષી સામયિક(માસિક) | |
| જયંતિ એમ દલાલની શ્રેષ્ઠ વાર્તાઓ | સંપાદનઃ નરેન્દ્ર પટેલ, મુંબઇ | |
| આંખને સગપણ આંસુનાં | જયંતિ એમ. દલાલ, મુંબઇ. | |

નવલકથા(આ નવલકથાનો અંગ્રેજીમાં અનુવાદ થયો છે અને અમેરિકન પબ્લીશીંગ કંપનીએ તે પ્રસિદ્ધ કરેલ છે)

| | |
|---|---|
| ભવાટવિની વાટે | જયંતિ એમ. દલાલનું જીવન અને કવન સંપાદકોઃ જશવંત મહેતા, ડૉ.દીનેશ ભટ્ટ, રાજુ પરીખ, કલ્યાણજી સાવલા 'ઉર્મિલ' |
| પાંચ દાયકાની સર્જનયાત્રાના શબ્દશિલ્પી | જયંતિ એમ. દલાલ |
| રમેશ પારેખ સ્મૃતિ વિશેષાંક | કપોળ સમાજ દર્પણ |
| Ordeal of Innocence | Jayanti M. Dalal, Mumbai |

હૃ, પસતાવો, વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે. પાપી તેમાં ડુબકી લઇને પવિત્ર બને છે.

## શ્રી રમણલાલ સોની

ઝવેરીલાલ મહેતા, ગુજરાત, (ગુજરાત સમાચારમાંથી)

લીલાછમ વૃક્ષોને પાનખર આવે છે પરંતુ ભેટની કુપન જેવી દર વરસે વસંત પણ એની ડાળે બેસીને યુવાન બનાવી દે છે. જ્યારે માણસ માટે શૈશવ અવસ્થા પછી યુવાનીમાં હીરા જેવો ચળકાટ ચમકાવ્યા બાદ ક્રમશઃ પંચોતેર વર્ષ બાદ ઘડપણનું કાઉન્ટ ડાઉન શરૂ થાય છે. માનવીની પાનખર ઋતુમાં કાન જાય, દાંત જાય અને આંખોના અજવાળા આપતી બારીએ સીલ લાગી જાય. અરે, માણસ એકદમ બહેરો બનીને શ્રવણશક્તિ ગુમાવી દે છે ત્યારે તો લાચાર સ્થિતિમાં મૂકાઇ જાય છે. આપણે વાત કરવાની છે ૯૯ વર્ષના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી રમણલાષલ સોની વિષે. તેઓ સાંભળી શકતા નથી. અને હવે છેલ્લા છ મહિનાથી આંખોમાં ઘોર અંધારું થઇ જવાથી કશું જ જોઇ શકતા નથી. સંખ્યાબંધ એવોર્ડ વિજેતા, ગાંધીવાદી, સ્વતંત્ર સેનાની ને બાલ સાહિત્યકાર રમણભાઇ પોતાના દિલની વાત આપણને કહેવા માગે છે, 'અંધત્વ પછી હું મૂંઝાતો હતો. બીજાઓને ભારરૂપ થવા સિવાય જાણે કે હું કાંઇ કામનો નથી રહ્યો. વર્ષોથી હું ગીતા, ઉપનિષદના મંત્રોનું રટણ કરતો હતો. એમાંથી મને નવાનવા અર્થો સ્ફૂર્યા. પહેલાં તો એની ગંભિરતા લીધી નહિ. પરંતુ મંત્રોના રટણમાં મને વિવિધ નવા સૌંદર્યના દર્શન થતાં કાગળ અને કલમ ઊઠાવી. દષ્ટિની બારી તો બંધ થઇ ગઇ હતી.. લખવું શી રીતે ? લખવાનૂ શરૂ કરતાં એક લીટી પર બીજી લીટી ચઢી જતી. ત્યાર પછી ફૂટપટ્ટી મારી મદદે આવી. કાગળ પર ગોઠવીને એની ધારે ધારે લખવાનૂ રાખ્યું. આ થોડી મિનિટો જ ચાલ્યું. કારણ ફૂટપટ્ટી જ દેખાય નહિ.. ક્યારેક ઉપર, ક્યારેક નીચે, ત્રીજી લીટી વળી એની ઉપર આડીઅવળી. હું દુઃખી થઇ ગયો. મારે હજી ઘણું લખવાનું છે. મારી ભત્રીજી ભારતીએ સૂચવ્યું કે કાગળની ગડી વાળી ગડીઓમાં લખો. આ પ્રયોગ ઠીક રહ્યો. આગળ એમાં ય મુશકેલીઓ પડવા માંડી. ત્રણ લેખ લખ્યા બાદ થોડો વિરામ રાખ્યો. અને મારામાં રહેલા બાળકે આ બધામાંથી એક નવો રસ્તો બતાવ્યો. લાઇનવાળા ફૂલસ્કેપ પેપર જેવા જાડા પૂંઠા પર કટીંગ કરીને એ લાઇનોવાળી ચાયણીમાં કલમને અંદર રાખીને લખે રાખ્યું. આડા અવળા નહિ પણ આ લક્ષ્મણરેખામાં જ લખી શકાયું. પરિણામે મા સરસ્વતિની મરજી પ્રમાણે ધાર્યું થયું. લખતો જ ગયો, લખતો જ ગયો. આવી રીતે ત્રણસો પાના ઉપષિદ અને ગીતા વિષે લખ્યા. ૧૯૩૨માં કુદરતે મને ચેતવણી આપેલી કે, 'લખવા વાંચવાનું, કારકૂની યા તો શિક્ષકનું કામ કરશો નહિ..' પણ ધાર્યું ધણીનું થયું. મારા માટે તો આજની તારીખ સુધી લેખન ચાલુ છે. સુરદાસ છું છતાં બંધ આંખોમાં સોયની અણી જેવું ચિંતન જીવંત છે. નવેમ્બર ૨૦૦૫માં મારી આંખો ગઇ છતાં આંખમાં છૂપાયેલા ચિંતન અને મનને મને સાવ 'પંગુ' થતો બચાવ્યો છે. આખો જુલાઇ મહિનો પથારીવશ રહ્યો. છતાં ઉપરવાળાએ મને હિંમત આપી.'

ચારસો પુસ્તકોના લેખક શ્રી રમણભાઇ બિલકુલ સુરદાસની અવસ્થામાં છે. ઇશ્વરને સંબોધીને તેઓ કહે છે, 'તું બોલાવે તે હું બોલું., લખું તું જે લખાવે, તું ગવડાવે તે હું ગાઉ ને પઢું પઢાવે તું ! સાચું ખોટું હું શું જાણું ? હું કેવળ ઓજાર, આંગળા મારા ગાય ગર્વથી તારો જયજયકાર !'